યોગગુરુનો નકલી નોટ છાપવાનો ઉદ્યોગ : અમદાવાદ ક્રાઇમબ્રાન્ચે સરખેજ બાવળા હાઇવે પરથી ફોર્ચ્યુનર કારમાંથી 500ના દરની 42હજાર નકલી નોટ ઝડપી પાડી

# 2.38 કરોડની નકલી નોટ કેસમાં યોગગુરુ પ્રદીપજી સહિત 7 ઝડપાયા

**AI** અને ચાઈનીઝ પેપરનો ઉપયોગ કરી ચાલતું કૌભાંડ ઝડપાયું

**સુરતમાંથી** પણ 28 લાખની નકલી ચલણી નોટ મળી

**RBI** અને ભારત લખેલો સિક્યોરિટી થ્રેડ પેપર વિદેશી એજન્ટોના સંપર્કથી મંગાવાતો હતો




અમદાવાદ : અમદાવાદના અમરાઈવાડીમાંથી ક્રાઈમબ્રાન્ચે અંદાજે 2.38 કરોડ રૂપિયાની નકલી ચલણી નોટો જપ્ત કરી એક મહિલા સહિત સુરતના 7 આરોપીઓની ધરપકડ કરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે દરોડા દરમિયાન એક કારમાંથી 500ના દરની નકલી નોટોના મોટા જથ્થા સાથે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આ ફોર્ચ્યુનર કાર નંબર (GJ-05-RS-5252) પર Government of India તેમજ આયુષ મંત્રાલય લખાણ જોવા મળ્યું હતું, જેનો ઉપયોગ નકલી નોટોની હેરાફેરી માટે કરવામાં આવતો હતો. પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન બહાર આવ્યું છે કે આ નકલી નોટો સુરતના વરાછા વિસ્તારમાં છાપવામાં આવતી હતી. પોલીસે સુરતમાં પણ કાર્યવાહી કરી અને અંદાજે 80 લાખ રૂપિયાની નકલી નોટો કબજે કરી છે. સાથે જ નોટો છાપવા માટે ઉપયોગમાં લેવાતું પ્રિન્ટિંગ મશીન પણ જપ્ત કરવામાં આવ્યું છે. ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે એક સફેદ રંગની ફોર્ચ્યુનર કાર (નંબર: GJ.05.AR.5252) માં કેટલાક સુરતન શખ્સો નકલી નોટોનો જથ્થો લઈને અમદાવાદમાં વિતરણ કરવા આવી રહ્યા છે.

પોલીસે સરખેજ-બાવળા હાઈવે પર વોચ ગોઠવી શાંતિપુરા સર્કલ પાસે આ કારને આંતરી હતી. કારની ચકાસણી કરતાં તેમાંથી 500 ના દરની કુલ 42,000 નકલી નોટો (કિંમત 2.10 કરોડ) મળી આવી હતી.

### અમદાવાદ અને સુરતથી આ ચીજો કબજે લેવાઇ

અમદાવાદથી 2.10 કરોડની નકલી કરન્સી, સુરતથી 28 લાખની નકલી કરન્સી, 25 લાખની કિંમતની ફોર્ચ્યુનર કાર 16 રીમ સિક્યોરિટી પેપર, પ્રિન્ટર લેપટોપ, પેપર કટિંગ મશીન અને નોટો ગણવાનું મશીન

### ધરપકડ કરાયેલા આરોપીઓની યાદી

મુકેશભાઈ લાખાભાઈ હુમ્મર (રહે.77, ક્રિષણા રો હાઉસ સરથાણા જકાતનાકા, સુરત), અશોકભાઈ ધનજીભાઈ માવાણી (રહે. 140 અશોકવાટિકા સોસાયટી, કાપોદ્રા, સુરત), રમેશભાઈ વલ્લભભાઈ ભાલર (રહે. રહે. 25 અમરદીપ સોસાયટી, નાનાવરાછા, સુરત), દિવ્યેશ ઈશ્વરભાઈ રાણા (રહે. 473 બ્રાહ્મણ ફળિયું, બસ સ્ટેન્ડ પાસે અમરોલી, સુરત) પ્રદીપભાઈ દિલીપભાઈ જોટાંગીયા (સત્યમ દરગાહ સામે, ધોરણપારડી ગામ, સુરત), મહિલા આરોપી (કતારગામ, સુરત), ભરતભાઈ વાલજીભાઈ કાકડીયા (અયોધ્યાપુરમ સોસાયટી, વરાછા રોડ, સુરત)

### સુરતમાં ચાલતી હતી ‘મિની બેંક નોટ પ્રેસ’

પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું કે આ નોટો સુરતના કામરેજ તાલુકાના ધોરણ પારડી ગામે તાપી નદી કિનારે આવેલા યોગગુરુ પ્રદીપજીના આશ્રમમાં છપાતી હતી. આ યોગ ગુરુ ‘સત્યમ યોગ ફાઉન્ડેશન’ સાથે જોડાયેલો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે.

ક્રાઈમ બ્રાન્ચે સુરત પોલીસની મદદથી ત્યાં દરોડો પાડીને નોટો છાપવાનું મશીન, પ્રિન્ટર, લેપટોપ અને ખાસ પ્રકારનો કાગળ જપ્ત કર્યો છે.કારમાંથી લાકડાની ચાકડી પણ મળી આવી છે. આ નેટવર્કમાં અન્ય કોણ-કોણ સામેલ છે, તેની વધુ તપાસ શરૂ કરી છે. આ સમગ્ર કેસમાં હજુ વધુ મોટા ખુલાસાઓ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્વનું - ક્રાઈમ બ્રાન્ચની આ કામગીરીથી ભારતીય અર્થતંત્રમાં મોટા પાયે નકલી નોટો ઘૂસાડવાનું કાવતરું નિષ્ફળ ગયું છે. આ ટોળકીના આંતરરાજ્ય કે આંતરરાષ્ટ્રીય કનેક્શન અંગે અત્યારે ઊંડી તપાસ ચાલી રહી

### આ રીતે મળ્યું નકલી ચલણી નોટનું કૌભાંડ

18 માર્ચ, 2026ના રોજ અમદાવાદ ક્રાઇમબ્રાન્ચને બાતમી મળી
બાતમીના આધારે અમરાઈવાડી વિસ્તારમાં પોલીસે વોચ ગોઠવી
બાતમી મુજબની સફેદ કાર દેખાતા તેને અટકાવી ઝડતી લીધી
ફોર્ચ્યુનર કારમાંથી 500ના દરની નકલી નોટોના બંડલો મળી આવ્યા
AI અને ચાઈનીઝ મટીરિયલના ઉપયોગની માહિતી સામે આવી

**મુખ્ય સૂત્રધાર:** આ આખી ગેંગનો માસ્ટરમાઈન્ડ મુકેશભાઈ લાખાભાઈ હુમ્મર છે, જેણે સુરતમાં રહેણાંક મકાનમાં પ્રિન્ટિંગ સેટઅપ ઊભું કર્યું હતું. નોટો છાપવા માટે વપરાતો RBI અને ભારત લખેલો સિક્યોરિટી થ્રેડ પેપર ચાઈનીઝ વેબસાઈટ (https://www.google.com/search?q=Alibaba.com) દ્વારા વિદેશી એજન્ટોના સંપર્કથી મંગાવ્યો હતો.

**ચાઈનીઝ કનેક્શન:** આરોપીઓ નકલી નોટ માટે જરૂરી સિક્યોરિટી થ્રેડ વાળું પેપર (જેના પર ‘RBI’ અને ‘ભારત’ લખેલું હોય છે) અલીબાબા જેવી ચાઈનીઝ ઓનલાઈન સાઈટ પરથી મંગાવતા હતા.

**ટેક્નોલોજીનો દુરુપયોગ:** નોટ અસલી જેવી જ દેખાય તે માટે આરોપીઓએ ChatGPT જેવા AI પ્લેટફોર્મ અને ફોટો એડિટિંગ સોફ્ટવેરની મદદ લીધી હતી. તેનાથી તેઓએ નોટની ડિઝાઇન અને લેઆઉટને અદલ અસલી જેવું બનાવ્યું હતું.

# સુરતમાં 80 કિલોમીટરની ઝડપે વાવાઝોડું ફુંકાયું

**તાપમાનમાં** વધારા વચ્ચે માવઠાની આગાહી વચ્ચે હવામાનમાં અચાનક ફેરફાર

**છુટાછવાયા** વરસાદી ઝાપટાં પડ્યા, રાહદારીઓએ સલામત સ્થળ શોધવા પડ્યા

સુરતઃ સાંજ થતાં શહેરના આકાશમાં અચાનક કાળા વાદળો છવાઈ ગયા હતા. ત્યારબાદ શહેર તથા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં છુટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યા હતા. આ સાથે જ પવનની ઝડપ અચાનક વધી ગઈ હતી અને સાંજે આશરે 80 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાયો હતો.

હવામાન વિભાગ દ્વારા સુરત સહિત દક્ષિણ ગુજરાત અને રાજ્યના અનેક વિસ્તારોમાં માવઠાની આગાહી કરવામાં આવી હતી. 19મી તારીખે ગુરુવારે સુરતમાં પણ માવઠું પડશે તેવી શક્યતા દર્શાવવામાં આવી હતી. આગાહી મુજબ દિવસ દરમિયાન શહેરમાં વાદળછાયું વાતાવરણ છવાયેલું રહ્યું હતું, જેના કારણે ગરમીમાં થોડો ઘટાડો અનુભવાયો હતો. શહેરમાં સાંજે અચાનક વાદળો છવાયા હતા. અને જિલ્લાના કેટલાક વિસ્તારોમાં છુટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યા હતા. શહેરમાં સાંજે આશરે 80 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાયો હતો. એરપોર્ટ ઉપર પવનની ઝડપ 80 કિમીની નોંધાઈ હતી. ત્યારપછી પણ સરેરાશ 50 થી 60 કિમીની ઝડપે પવન ફુંકાયો હતો.

### તાપમાનમાં નાનો વધારો છતાં ભેજનું પ્રમાણ વધુ

આજે શહેરનું મહત્તમ તાપમાન 33.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગઈકાલની સરખામણીમાં અડધો ડિગ્રી વધારે છે. લઘુત્તમ તાપમાન પણ 21.2 ડિગ્રી નોંધાયું હતું. હવામાં 66 ટકા ભેજ હોવાથી ઉકળાટનો અહેસાસ થયો હતો. દિવસ દરમિયાન દક્ષિણ પશ્ચિમ દિશામાંથી બપોરે સરેરાશ 6 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો.

### અડધો કલાક શહેર જાણે થંભી ગયું

ઝડપી પવનના કારણે શહેરમાં અડધો કલાક માટે સામાન્ય જનજીવન પર અસર જોવા મળી હતી. વાહન ચાલકો અને રાહદારીઓએ સલામતી માટે નજીકમાં આવેલી દુકાનો, ઝાડો કે પતરાના શેડ નીચે આશરો લેવો પડ્યો હતો. તોફાની પવન સાથે ધૂળની ભારે ડમરીઓ ઉડતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. અનેક વિસ્તારોમાં લોકોએ પોતાના ઘરના બારી-બારણા બંધ કરવા પડ્યા હતા જેથી ધૂળ ઘરમાં પ્રવેશ ન કરે.

# ઊભા પાકમાં પાણીના નિકાલની વ્યવસ્થા કરવી

**કમોસમી** વરસાદ માટે કૃષિ વિભાગની એડવાઇઝરી

ગાંધીનગર : રાજ્યમાં આગામી તા. ૨૧ માર્ચ સુધી કમોસમી વરસાદની આગાહી વચ્ચે કૃષિ વિભાગે ખેડૂતોને સાવચેત રહેવા અનુરોધ કર્યો છે. હવામાન વિભાગ મુજબ બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, જામનગર, મોરબી, કચ્છ, રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર તેમજ દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આ બદલાયેલા હવામાનને ધ્યાનમાં રાખીને ખેડૂતોના તૈયાર તેમજ ઉભેલા પાકને નુકસાનથી બચાવવા કૃષિ વિભાગે વિશેષ માર્ગદર્શિકા જાહેર કરી છે.

ખેડૂતોને કૃષિ પ્રગતિ એપ્લિકેશન તથા સોશિયલ મીડિયા મારફતે પણ જરૂરી સાવચેતીના પગલાં અંગે માહિતગાર કરવામાં આવી રહ્યા છે.

### ખેડૂતો માટે મહત્વના સાવચેતીના પગલાં

* કાપણી કરેલો પાક ખેતરમાં ખુલ્લો હોય તો તેને તરત જ સલામત સ્થળે ખસેડવો અથવા તાડપત્રીથી ઢાંકી દેવો. * પાકના ઢગલાની આસપાસ માટીનો પાળો બનાવી પાણી પ્રવેશ અટકાવવો. * પાકેલા પાકની વહેલી તકે લલણી પૂર્ણ કરવી. * ઉભા પાકમાં પાણી ભરાઈ ન રહે તે માટે નિકાલની વ્યવસ્થા કરવી. * વરસાદી વાતાવરણમાં પિયત અને જંતુનાશક દવાના છંટકાવથી દૂર રહેવું. * જીરું, ઈસબગુલ અને વરિયાળી જેવા સંવેદનશીલ પાકોને પ્રાથમિકતા આપીને સુરક્ષિત રાખવા. * APMCમાં અનાજ અને ખેતપેદાશોને શેડ હેઠળ અથવા ઢાંકીને રાખવા. * શક્ય હોય તો વરસાદી દિવસોમાં APMCમાં વેચાણ માટે માલ લાવવાનું ટાળવું. * ખાતર અને બિયારણને ભેજથી બચાવવા સલામત જગ્યાએ સંગ્રહ કરવો.

વધુ માર્ગદર્શન માટે ખેડૂતોને પોતાના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી અથવા તાલુકા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવા સૂચન આપવામાં આવ્યું છે. ઉપરાંત કિસાન કોલ સેન્ટરના ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧ પર સંપર્ક કરી વધુ માહિતી મેળવી શકાશે.

# સ્ટેશન પર સ્થિતિ સામાન્ય હોવાનો રેલવેનો દાવો

**LPG** કટોકટીના કારણે કામદારોના પલાયનના ભ્રામક વીડિયોથી દૂર રહેવા પશ્ચિમ રેલવેની અપીલ

સુરતઃ ડાયમંડ સિટી અને ટેક્સટાઈલ હબ તરીકે ઓળખાતા સુરત શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા પર ઉધના રેલવે સ્ટેશન ના નામે કેટલાક વીડિયો વાયરલ થઈ રહ્યા છે. આ વીડિયોમાં સ્ટેશન પર ભારે ભીડ અને અફરાતફરીનો માહોલ દર્શાવી એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, મધ્ય પૂર્વના દેશોમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે સર્જાયેલી LPG (ગેસ) કટોકટીથી ગભરાઈને પરપ્રાંતિય શ્રમિકો મોટી સંખ્યામાં વતન તરફ પલાયન કરી રહ્યા છે. જોકે, પશ્ચિમ રેલવેએ આ તમામ અહેવાલો અને વિડિયો ને સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે અને સ્પષ્ટ કર્યું છે કે ઉધના સ્ટેશન પર મુસાફરોનો ધસારો સંપૂર્ણપણે સામાન્ય અને નિયંત્રિત છે.

પશ્ચિમ રેલવે દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, સોશિયલ મીડિયા પર ફરતા વીડિયો વાસ્તવિક પરિસ્થિતિ ને પ્રતિબિંબિત કરતા નથી. છેલ્લા બે અઠવાડિયાથી જે પ્રકારે ભ્રામક વાતો ફેલાવવામાં આવી રહી છે, તેનાથી જનતામાં બિનજરૂરી ગભરાટ પેદા થઈ રહ્યો છે.

રેલવે વહીવટીતંત્રે ખાતરી આપી છે કે સ્ટેશન પર કોઈ અસામાન્ય ભીડ નથી કે પલાયન જેવી કોઈ સ્થિતિ નથી. સુરત એ રોજગારીનું કેન્દ્ર છે અને અહીં મુસાફરોની અવરજવર બારેમાસ રહેતી હોય છે, જે એક નિયમિત પ્રક્રિયા છે.૧૭ માર્ચના રોજ જે દિવસે ઉધના સ્ટેશન પર ‘અનિયંત્રિત ભીડ’ હોવાના દાવા કરવામાં આવ્યા હતા, તે દિવસના સત્તાવાર આંકડા કઈંક અલગ જ વાસ્તવિકતા રજૂ કરે છે. રેલવેના ડેટા મુજબ તે દિવસે ઉપડતી તમામ મુખ્ય ટ્રેનોમાં મુસાફરોની સંખ્યા સામાન્ય રહી હતી. રેલવે વહીવટીતંત્રે વધુમાં ઉમેર્યું હતું કે, મુસાફરોની સુરક્ષા અને સુવિધા માટે સ્ટેશન પર પૂરતો સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે. ભીડનું વ્યવસ્થાપન કરવા માટે આરપીએફ અને જીઆરપીની ટીમ સતત કાર્યરત છે. પશ્ચિમ રેલવેએ જનતાને નમ્ર અપીલ કરી છે કે સોશિયલ મીડિયા પર આવતા અપ્રમાણિત સમાચારોને ફોરવર્ડ ન કરે અને માત્ર સત્તાવાર સ્ત્રોતો પર જ વિશ્વાસ રાખે. રેલવે ઓથોરિટીએ સ્પષ્ટ કર્યું છે કે વાહનવ્યવહાર અને ટ્રેન સંચાલન સંપૂર્ણપણે સુરક્ષિત અને સુવ્યવસ્થિત છે.

### ટ્રેનોમાં મુસાફરોની સંખ્યા તેની ક્ષમતા મુજબ, કોઈ પણ પ્રકારનો અસાધારણ ધસારો નથી

ટ્રેન નં. ૦૯૦૯૭ (ઉધના-અયોધ્યા કેન્ટ): સવારે ૧,૮૦૦ મુસાફરો સાથે રવાના થઈ., ટ્રેન નં. ૨૦૯૬૧ (ઉધના-વારાણસી): ૧,૬૦૦ થી ૧,૭૦૦ મુસાફરો નોંધાયા., ટ્રેન નં. ૨૦૯૩૩ (ઉધના-દાનાપુર): ૧,૮૦૦ થી ૧,૯૦૦ મુસાફરોએ પ્રવાસ કર્યો., ટ્રેન નં. ૨૨૯૪૭ (ઉધના-ભાગલપુર): ૨,૦૦૦ થી ૨,૧૦૦ મુસાફરો વહન થયા., ટ્રેન નં. ૦૪૧૫૬ (ઉધના-સુબેદારગંજ): ૧,૬૦૦ થી ૧,૭૦૦ મુસાફરો સાથે રવાના થઈ.

### સુડોકુ ૭૮૨૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૮ | | ૭ | | ૫ | | |
| | ૭ | | ૧ | ૫ | ૯ | ૩ | | ૪ |
| ૫ | | ૩ | | | | | | ૧ |
| ૪ | ૨ | ૯ | ૫ | | | | ૩ | ૭ |
| | ૩ | ૬ | | ૯ | ૧ | ૨ | ૫ | ૮ |
| ૮ | ૫ | ૧ | ૩ | ૨ | ૭ | ૯ | | ૬ |
| ૩ | | ૭ | ૯ | ૪ | | ૮ | | |
| | ૬ | ૫ | | | ૨ | ૪ | ૭ | |
| ૨ | ૮ | | | | | | | ૯ |

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા
મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**કુબેરાક્ષ ક્ષાર**

બહુ ઉપયોગી જણસ છે. કાચકા ના વેલા બાળી રાખ કરી તેમાંથી ક્ષાર મેળવાય છે. ત્રણસો મિલિગ્રામ ક્ષાર છાશ સાથે લેવાથી પેટનો આફરો, ચૂંક, બરોળ, યકૃત, હરસમાં ફાયદો કરે છે.

# સાળંગપુરધામમાં ‘શ્રી હનુમાન ચરિત્ર કથા’નો ભક્તિમય પ્રારંભ

અમદાવાદ, તા. 19: શ્રી કષ્ટભંજન દેવના પવિત્ર ધામ સાળંગપુર ખાતે આજે તા. ૧૯ માર્ચથી ૨૧ માર્ચ ૨૦૨૬ દરમિયાન ત્રિ-દિનાત્મક ‘શ્રી હનુમાન ચરિત્ર કથા’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કથાનો પ્રારંભ આજે શોભાયાત્રા અને દીપપ્રાગટ્ય સાથે ભક્તિમય માહોલમાં કરવામાં આવ્યો હતો.

કથા દરમિયાન સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ અને સાંજે ૩:૩૦ થી ૬:૩૦ વાગ્યા સુધી ભક્તો માટે શ્રવણનો



સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે.

કથાના વક્તા તરીકે શાસ્ત્રીજીએ પોતાની અમૃતવાણી દ્વારા હનુમાનજીના જીવનના આદર્શો, અદ્વિતીય ભક્તિ અને સેવા ભાવનો મહિમા સમજાવ્યો હતો. તેમણે જણાવ્યું કે હનુમાનજીનું જીવન દરેક પેઢી માટે પ્રેરણાદાયક છે અને તેમના ચરિત્રમાંથી જીવન જીવવાની સાચી દિશા મળે છે. કથા દરમિયાન ભક્તોને હનુમંત ચરિત્રનું રસપાન કરાવવામાં આવી રહ્યું છે.

### શબ્દગુંફન - ૭૧૮૪
અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. પ્રવાસવર્ણનનું પુસ્તક (૫)
૬. સહાયક (૫)
૯. જોવું તે, દૃષ્ટિ (૩)
૧૧. પર્વત (૨)
૧૨. પવન (૩)
૧૪. પીડવું-દબાવવું તે (૩)
૧૬. થોડા વાળની સેર (૨)
૧૮. અદેખાઈ (૨)
૧૯. નવ લાખના મૂલ્યનું (૪)
૨૨. ગુમાસ્તો, મુનીમ (૪)
૨૪. એક વજન (૨)
૨૫. ઊંડું, ગાઢ (૩)
૨૭. સહેજ (૨)
૨૮. સિંહ (૪)
૩૧. જીવદશાવાળો આત્મા (૩)
૩૨. આરંભ, શરૂઆત (૪)
૩૪. સુંદર સ્ત્રી (૨)
૩૫. નકામું, બાદ કરેલું (૨)

**ઊભી ચાવી**
૨. કર્તવ્ય(૩)
૩. સ્ત્રી, મહિલા (૨)
૪. શરીરની ઊંચાઈ (૨)
૫. ચીજ, નમૂનો (૨)
૬. એક કઠોળ (૨)
૭. તેજ, આભા, ભપકો (૩)
૮. દુશ્મન (૨)
૯.આશ્ચર્યકારક (૩)
૧૦. લક્ષ્મી (૨)
૧૧. નમેલું (૨)
૧૩. મોંલૂછણિયું (૩)
૧૪. ચોકીદાર, પહેરેગીર (૪)
૧૫. નવલું, નવીન (૪)
૧૭. ઘંટનો અવાજ (૪)
૨૦. વૃક્ષોની લાંબી હાર(૪)
૨૧. પક્ષી (૨)
૨૩. ધૂળનો કણ (૪)
૨૬. ઘોડો (૨)
૨૮. સહાય, મદદ (૩)
૨૯. યુવાન (૩)
૩૦. ચાલવાનો અવયવ, ચરણ (૨)
૩૨. ઉપાધિ, દરજ્જો (૨)
૩૩. પરવાનગી (૨)

### આજનું પંચાંગ

**તા. 20/03/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** બીજ : 26:32
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ-29
**યોગ :** બ્રર્જ **કરણ:** બાવલ
**નક્ષત્ર :** રેવતી : 26:29
**રાશિ:** મીન (દ.ચ.ઝ.થ.) 26:29 પછી મેષ (અ.લ.ઇ.)
**દિવસ :** શુભ ઉત્તર ગોલારંભ, વિષુવ દિન-બુધમાર્ગી 25:04
**સુરતમાં સૂર્યોદય :** 06:45 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:48
**નવકારસી :** 07:33
**પારસી વર્ષ :** 1395 આવા માસનો 8મો રોજ
**મુસલમાન વર્ષ:** 1447 રમજાન માસનો 30મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારેઃ- 10:30 થી 12:00 સુધી

### આપની આજ
જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** આનંદ પ્રમોદ અને મોજશોખ પાછળ ખર્ચ અને સમય વેડફાઇ અચાનુક મુસીબતનો સામનો કરવાનું બને.

**વૃષભ (બ,વ,ઉ,):** વિજાતીય આવેગ અને આકર્ષણ કામમાં વિલંબ કરશે. વિદ્યાર્થીઓની અશાંતિ વધે. સંતાન ચિંતા સતાજે.

**મિથુન (ક,છ,ઘ,):** નવા સોદા થાય. નવા ધંધા-વેપારમાં વડીલોની મદદ મળે. નોકરીમાં જવાબદારી વધે. આવક વધે.

**કર્ક (ડ,હ,):** વિદેશ પ્રવાસ આયાત-નિકાસ અને ઉચ્ચ શિક્ષણ તથા કાયદા બાબતે વિઘ્નો આવી શકે છે. મન અશાંત.

**સિંહ (મ,ટ,):** અચાનક મસીબતનો સામનો કરવાનું બને. સરકારી કામમાં વિઘ્નો આવે. વિશ્વાસઘાતથી બચવું.

**કન્યા (પ,ઠ,ણ,):** વિવાહ અને પ્રેમ વિવાહની વાતમાં મદદ મળે. સમાજમાં માન વધે. ખર્ચા વધશે.

**તુલા (ર,ત,):** ખાવા-પીવામા ધ્યાન રાખવું. આરોગ્યના ખર્ચા વધશે. માતાની ચિંતા સતાવે. ખર્ચા વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** શેરબજારના કામમાં ધીરજ રાખવી. મિત્રો સાતે મનોરંજન થાય. વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** બહારના કામમાં સરળ બને. વડીલોની સલાહ, સામાજીક કામમાં મદદરૂપ રહે. આવક વધશે.

**મકર (ખ,જ,):** અચાનક શુભ સમાચાર મળે. મિત્રોનો સાથ મળે. નવા વેપાર-ધંધામાં અનુકૂળતા વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ખાણી-પીણીના ધંધામાં લાભ થાય. નવી આવકના રસ્તા ઊભા થાય. ઉઘરાણી આવી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ,):** સમાજમાં યસ મળે. દાંપત્ય જીવનમાં તાલમેળ વધશે. નોકરીમાં નવી તક મળે. આવક વધશે.

### કોઈ પણ સાલમાં 20 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સંઘર્ષમય રહે. નોકરી-ધંધામાં ચડતી-પડતી રહે. નવા નોકરી ધંધા વ્યવસાયમા તથા સમાજ વગેરે જગ્યાએ હીરફોની હેરાનગતિ વધશે. પરિવારની અપેક્ષા વધે. નવી ટેકનોલોજી અને નિતિ પ્રમાણે કામમાં અશાંતિ સતાવે. ઉમર લાયકના વિવાહના ખર્ચા સતાવે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. વિદ્યાર્થીઓને મહનતને ફળ મળે. વિદેશના કામમાં ગતિ આવે. નવા ઘર, વાહન, મકાન માટે અનુકુળતા રહેશે. સંતાનોના અભ્યાસ કેરીયરમા સામાન્યપણે સરકારી કામ, કોર્ટ કચેરીમા વિલંબ થાય. વારસા, જાયદાત, જમીન જેવા કામ ધીમાં પડે. મિત્રો-વડીલોની મદદ આવક વધારવામાં મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. નવા રોકાણમાં ધીરજ રાખવી. આરોગ્ય નરમ રહે. જુલાઇ-ઓગસ્ટ રવિવાર-સોમવાર 1,10,28 તારીખ નવા કામ માટે અનુકૂળ રહે. ભુરો, સોનેરી રંગ વાપરતા રહેવું. નવેમ્બર-ડિસેમ્બર, શુક્ર, શનિ, રવિ, 7, 16, 25 તારીખે નવા કામ ટાળવા. કાળો રંગનો ઉપયોગ કરવો.

# વેસુના યુવક સાથે રૂ.56.92 લાખનું સાયબર ફ્રોડ

**એક** વર્ષ સુધી એકાઉન્ટમાં નફો દેખાતો હતો

**થોડા** રૂપિયા ઉપાડ્યા બાદ પ્રોફિટ મળતો બંધ થઇ ગયો

સુરતઃ વેસુ વિસ્તારમાં રહેતા યુવક સાથે ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણના બહાને મોટી સાયબર ફ્રોડનો બનાવ સામે આવ્યો છે. ઠગોએ ઊંચા નફાની લાલચ આપી વિશ્વાસમાં લઈ અંદાજે રૂ.56.92 લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા બાદ સંપર્ક તોડી નાંખતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે. વેસુ વિસ્તારમાં બીગ બજાર નજીક સ્વામી ગુણાતીત નગર સોસાયટીમાં રહેતા કરશનભાઈ અંબારામ ખોખાનો સાયબર માફિયાઓએ અલગ અલગ મોબાઈલ નંબર પરથી સંપર્ક કર્યો હતો. ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરવાથી ટૂંકા સમયમાં મોટો નફો મળશે તેવી ઓફર તેમના દ્વારા કરવામાં આવી હતી. ઠગોની વાતોમાં આવી જઈને તેમણે એક વેબસાઈટ ઉપર એકાઉન્ટ ખોલાવ્યું હતું. તેમણે ફોરેક્સ ટ્રેડિંગ માટે 8 જાન્યુઆરી 2024થી 9 ડિસેમ્બર 2024 દરમિયાન અલગ અલગ બેન્ક ખાતાઓમાં તબક્કાવાર કુલ રૂ.56,92,480 જેટલી મોટી રકમ ટ્રાન્સફર કરી હતી. શરૂઆતમાં તેમને તેમના એકાઉન્ટમાં નફો દેખાડવામાં આવતો હતો, જેથી તેઓ વધુ રોકાણ કરવા પ્રેરાયા હતા. જોકે, બાદમાં જ્યારે તેમણે નફાની રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે ઠગોએ પહેલા થોડોક નફો આપીને વિશ્વાસ જાળવ્યો, પરંતુ 9 ડિસેમ્બર 2024 પછી પ્રોફિટ આપવાનું બંધ કરી દીધું હતું.

# RTEની માહિતી નહીં આપનાર શાળાની ગ્રાન્ટ અટકાવાશે

**RTE ફી** સહાયની માહિતી 20 માર્ચ સુધી આપવા ડીઇઓનું અલ્ટિમેટમ

સુરતઃ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી તમામ ખાનગી પ્રાથમિક શાળાઓને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા મહત્વપૂર્ણ સૂચના આપવામાં આવી છે. વર્ષ 2025-26 માટે RTE હેઠળ મફત પ્રવેશ અપાયેલા વિદ્યાર્થીઓની ફી સહાય સંબંધિત માહિતી સમયસર રજૂ કરવા માટે શાળાઓને કડક નિર્દેશ આપવામાં આવ્યા છે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા અગાઉ 11 ફેબ્રુઆરી, 19 ફેબ્રુઆરી અને 5 માર્ચે પત્રો દ્વારા શાળાઓને જરૂરી માહિતી રજૂ કરવા જણાવાયું હતું. આ અનુસંધાને કચેરી દ્વારા કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, છતાં કેટલીક શાળાઓ દ્વારા હજુ સુધી માહિતી રજૂ કરવામાં આવી નથી. આથી, કચેરીએ સ્પષ્ટ જણાવ્યું છે કે જે શાળાઓએ હજુ સુધી માહિતી આપી નથી, તેમણે તા. 20-03-2026 (શુક્રવાર) બપોરે 3:00 વાગ્યા સુધીમાં પ્રાથમિક શાખામાં બિનચૂક માહિતી રજૂ કરવી જરૂરી રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીએ વધુમાં ચેતવણી આપી છે કે જો નિર્ધારિત સમયમર્યાદામાં માહિતી રજૂ કરવામાં નહીં આવે તો આવી શાળાઓને સરકાર તરફથી મળતી ફી સહાય (ગ્રાન્ટ) ફાળવવામાં આવશે નહીં. આ ઉપરાંત, ભવિષ્યમાં ફી સંબંધિત કોઈ પણ પ્રકારની સમસ્યા ઉભી થશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળા સંચાલક મંડળ અને આચાર્યની રહેશે. આ નિર્ણયથી ખાનગી શાળાઓમાં હડકંપ મચી ગયો છે અને સમયસર કાર્યવાહી કરવા માટે દોડધામ શરૂ થઈ ગઈ છે.